# કિસાન માધ્યમિક વિદ્યાલયમાં સ્વ-શિક્ષક દિનની ઉજવણી

કિસાન માધ્યમિક વિદ્યાલયમાં તારીખ 5/9/2019 ના રોજ સ્વ-શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસે વિદ્યાર્થીઓ શિક્ષકની ભૂમિકા અદા કરતા હોય છે અત્રેની શાળામાં આશરે ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓએ શિક્ષક તરીકે શૈક્ષણિક કાર્ય કરાવ્યું હતું. ઉપરાંત આચાર્ય, સુપરવાઇઝર વગેરેની પણ ભૂમિકા ભજવી હતી. વિદ્યાર્થીઓ શિક્ષકની ગરીમા અને ઉચ્ચ આદર્શો જીવનમાં ઉતારી સફળ જીવન જીવવાની અને નિષ્ઠા, પ્રમાણિકતા જેવા આદર્શોને જીવનમૂલ્ય બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી તેમજ તેમણે જણાવ્યું હતું કે શિક્ષકનું કામ માત્ર કુશળ કારીગરો અને તજજ્ઞો  બનાવવાનું નથી પરંતુ સભ્ય માનવનું નિર્માણ કરવાનું છે. ઉત્તમ માનવનું નિર્માણ ઉત્તમ શિક્ષક દ્વારા જ થઈ શકે છે.

આજરોજ શાળાના પટાંગણમાં શાળાના આચાર્ય શ્રી એચ.વાય.પટેલ તેમજ શિક્ષકગણ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને પુષ્પ  અર્પણ કરી તેમનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

શાળાના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શ્રેષ્ઠ શિક્ષક ની સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવ્યું હતું જેમાં માધ્યમિક વિભાગમાં પ્રથમ નંબર સોલંકી ધ્રુવ એમ 10-અ, દ્વિતીય નંબર પટેલ પ્રાચી ડી 10-બ અને તૃતીય નંબર પટેલ હેત્વી એ 10-બ તેમજ ઉચ્ચતર માધ્યમિક વિભાગમાંથી પ્રથમ નંબર રાણા જ્યોતિ જે 12-બ કોમર્સ ,દ્વિતીય નંબર ચામઠા વિકાસ કે 11-અ સાયન્સ તેમજ તૃતીય નંબર વણઝારા મહિમા એમ 11-અ આર્ટસ ના વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરેલ છે.  શાળા પરિવાર તરફથી સ્વ-શિક્ષક દિન માં શિક્ષક બનનાર વિદ્યાર્થીઓ તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવવામાં આવે છે.













